

## તારા વિના શ્યામ મને એકલડું લાગે....રાસ રમવાને વહેલો આવજે... અરવલ્લી જીલ્લામાં યુવાધન હિલોળે ચઢ્યું

નવરાત્રી પર્વ અંતિમ ચરણમાં પહોંચતા આઠમાં નોરતે મોડાસા સહીત અરવલ્લીના ગરબાના ગ્રાઉન્ડમાં ખેલૈયાઓની ભારે ભીડ ઉમટી હતી. યુવાધન નવરાત્રીના પર્વને પુરેપૂરું માણી લેવા માટે માંગતું હોય તેમ મોડી રાત્રી સુધી મેદાનમાં રાસ ગરબાની રમઝટ બોલવી હતી. તારા વિના શ્યામ મને એકલડું લાગે... રાસ રમવાને વહેલો આવજે...ના તાલે અરવલ્લી જીલ્લામાં યુવાધન હિલોળે ચઢ્યું હતું.

# ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્કના ધાંધીયા

ભિલોડા,તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્કના ધાંધીયાથી ગ્રાહકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.બી.એસ.એન.એલ. નું મોબાઈલ નેટવર્ક વારંવાર ખોરવાતા ઈમરજન્સી કામકાજ દરમ્યાન ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુંકાઈ રહ્યા છે. કિશનગઢ ગામના રાજકીય, સહકારી આગેવાન ગલબાભાઈ એસ. પ્રજાપતિ સહિત જાગૃત ગ્રામજનોના જણાવ્યા મુજબ બી.એસ.એન.એલ.નું મોબાઈલ નેટવર્ક છેલ્લા કેટલાક સમયથી વારંવાર ખોરવાતા હેરાનગતી દિન-પ્રતિ-દિન વધી ગઈ છે.

એક તરફ ધંધાકીય હરીફાઈ વધતા મોબાઈલ



નેટવર્કની પ્રાઈવેટ કંપનીઓ ગ્રાહકોને આકર્ષવા માટે અવનવી સ્કીમો ધ્વારા ગ્રાહકોને આકર્ષીત કરે છે. બી.એસ.એન.એલ. નું નેટવર્ક,કનેકટીવીટીના ધાંધીયા હોવાના કારણે બી.એસ. એન. એલ. મોબાઈલ નેટવર્ક વારંવાર ખોરવાતા ગ્રાહકો હવે તો પ્રાઈવેટ કંપનીઓ તરફ આકર્ષાઈ રહ્યા છે.

બી.એસ.એન.એલ. કચેરીના જવાબદાર અધિકારીઓ ધ્વારા મોબાઈલ નેટવર્ક ગ્રાહકોને મળે તેવી રીતે આયોજન કરવું જોઈએ તેમ જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું.બી.એસ.એન.એલ. ના અધિકારીઓ હવે લાપરવાહી દાખવશે તો ગ્રાહકો દિન-પ્રતિ-દિન પ્રાઈવેટ કંપનીઓ તરફ આકર્ષાઈ જશે તે દિવસો હવે દુર નથી તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.



## ધાનેરા અંબાજી મન્દિરમાં ટિક્ટોક ફેમસ કાજલ ડોડીયાએ ગરબાની ધૂમ મચાવી

ટિકટોક ફેમસ ગુજરાતી સિંગર કાજલ ડોડીયા દ્વારા અંબાજી નવયુવક મંડળ ધાનેરા નવરાત્રી મહોત્સવ ૨૦૧૯ ના સાતમા નોરતે ધૂમ મચાવી હતી.જેમાં ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. ધાનેરા અંબાજી નવયુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જયેશભાઈ સોલંકી તેમજ તેમની ટીમ દ્વારા દર વર્ષે ખૂબ જ સુંદર રીતે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને જુદા જુદા કલાકારો આ નવરાત્રિ મહોત્સવમાં મચાવતા હોય છે ત્યારે આજે ટિકટોક ફેમસ કલાકાર કાજલ ડોડીયા દ્વારા ધૂમ મચાવી છે જેમાં ખેલૈયાઓ પણ મન મૂકીને ગરબે તો બીજી તરફ કાજલ જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને ગરબે રમી નવરાત્રી મહોત્સવ ની ઉજવણી કરી હતી તો બીજી તરફ આવનાર લોકોને કંઈ તકલીફ ન પડે તે માટે ગરબા આયોજકો દ્વારા સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# પાલનપુરની આરતી ટાઉનશિપમાં શિક્ષકના બંધ મકાનમાં ચોર ઉતર્યા

### સોનાના દાગીના- રોકડ રકમ મળી અંદાજીત રૂપિયા ચાર લાખના મુદ્દામાલની ચોરી

પાલનપુર


પાલનપુર ખાતે ધનિયાણા ચોકડી નજીક આવેલી આરતી સોસાયટીમાં શુક્રવારે રાત્રે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતુ. જેમાંથી રોકડ રૂપિયા તેમજ સોના- ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૪ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં છેલ્લા કેટલાક સમયથી ચોરીની ઘટનાઓ બની રહી છે. સપ્તાહ અગાઉ ડીસા હાઈવે નજીક ઈન્ડિયન ઓવરસીઝ બેંકના એટીએમ તોડવાનો પ્રયાસ થયો હતો. દરમિયાન શુક્રવારે રાત્રે પાલનપુર ધનિયાણા ચોકડી નજીક વીરપુરમાં આવેલી આરતીટાઉનશીપમાં તસ્કરો ત્રાટકયા હતા.

આ અંગે વિગતો આપતાં પાલનપુર તાલુકા પોલીસ મથકના સૂત્રોએ જણાવ્યું હતુ કે, આરતી ટાઉનશિપના મકાન નં. ૫૬માં રહેતા શિક્ષક અજયભાઈ મગનભાઈ પટેલના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હતો. અને તિજોરી માંથી રૂપિયા ૭૦,૦૦૦ રોકડા તેમજ સોના- ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૪ લાખનો મુદ્દામાલ ચોરીને ફરાર થઈ ગયા હતા. આ અંગે અજયભાઈએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી તસ્કરોનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# આર.સી.ઈ.પી. નિયમનો અરવલ્લી સાબરકાંઠા જિલ્લામાં વિરોધ

આર.સી.ઈ.પી. નિયમનો અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં



ધી ટીસ્કી દુધ ઉત્પા.સ.મં. લી

રજી.નં.સે. દુ. : ૧૧૫૯૬
કોડ નં. : ૧૦૪/A
મુ. ટીસ્કી,
પો. ફરેડી,

રજી. તા. ૦૧-૧૦-૧૯૭૦
સ્થા. તા. ૦૧-૦૧-૧૯૭૦
તા. માલપુર,
જિ. અરવલ્લી

જાવક નં. : ૫૯ તારીખ : ૭ / ૧૦ /૨૦૧૯

પ્રતિશ્રી,

ધી ટીસ્કી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.
ગામ ટીસ્કી પો ફરેડી, તાલુકો માલપુર,
જીલ્લો.અરવલ્લી, પિન નં. ૩૮૩૩૪૫.

પ્રતિ,
નરેન્દ્રભાઇ મોદી સાહેબશ્રી,
માનનીય વડાપ્રધાનશ્રી,
પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)

માનનીય નરેન્દ્રભાઇ,

RCEP કરાર હેઠળ જો ઓસ્ટેલીયા અને ન્યુઝીલેન્ડ થી સસ્તા ભાવના દુધ પાવડર અને ડેરી ઉત્પાદન આયાત થશે તો આપણો ડેરી ઉધોગ ભાગી પડશે

RCEP કરારમાં ડેરી ઉધોગ સામેલ નહિ કરવા આપને નમ્ર વિનંતી.

સ્થળ :- ટીસ્કી
તારીખ :- ૦૭/૧૦/૨૦૧૯

ચેરમેન
સેક્રેટરી
ધી ટીસ્કી દુધ ઉ.સ.મં.લી.

વિરોધ છે બંને જીલ્લાની કેટલીક દૂધ મંડળીઓ લેટરપેડ પર સ્થાનિક સભાસદોએ આર.સી.ઈ.પી. નિયમ સામે વિરોધ નોંધાવી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ ગૃહમંત્રીને પત્ર લખ્યા છે. તેમજ આગામી સમયમાં આ નિયમમાંથી દૂધ તેમજ દૂધની બનાવટોને બાકાત કરવા રજૂઆત કરી છે.

અરવલ્લી-સાબરકાંઠાના મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલન કરી જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે, દૂધના પોષણક્ષમ ભાવના અભાવે પશુપાલકો ની હાલત દયનિય બની છે બીજીબાજુ કેન્દ્ર સરકારે આર.સી.ઈ.પી.ને મંજૂરીની મહોર લગાવી દેતા દેશમાં આગામી સમયમાં દૂધ તેમજ દૂધની બનાવટો સહિત અન્ય કેટલીક વસ્તુઓ અને ફ્રી ટ્રેડ અંતર્ગત વેચાણ માટે મુકવામાં આવનાર છે. આર.સી.ઈ.પી.ના નિયમ અંતર્ગત આગામી સમયમાં વિદેશમાંથી દૂધ તેમજ દૂધની બનાવટો ભારતમાં આવશે. આ દૂધ તેમજ દૂધની બનાવટો સસ્તા ભાવે ભારત આવવાને પગલે સ્થાનિક પશુપાલકો તેમજ સભાસદોમાં ભારે રોષ ફેલાયો છે. આ નિયમ લાગુ થવાથી પશુપાલકોને મોટું નુકસાન થશે. ત્યારે આ નિયમના વિરોધમાં સભાસદોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખી આ નિયમમાંથી દૂધ અને દૂધની બનાવટોને બાકાત કરવા રજૂઆત કરી છે. અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાની ધી ટીસ્કી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. અને સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાની રૂવચ દૂધ ઉત્પાદક મંડળીના સ્થાનિક સભાસદોએ પશુપાલકો માટે નુકશાનકારક અને બરબાદીના પંથકમાં ધકેલાવવાની ભીતિના પગલે આર.સી.ઈ.પી. માંથી ડેરી ઉદ્યોગને અને દૂધની બનાવટોને દૂર રાખવા લેખિત રજુઆત કરી છે.

## પ્રાંતિજ ખાતે ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને એક વર્ષ થતાં કેક કાપી ઉજવણી

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને એક વર્ષ પૂર્ણ થતાં કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે જેને આજે એક વર્ષ પૂર્ણ થતાં કામધેનુ ગૌશાળા તથા મંગલોદય સેવા સંસ્થાના મહંત સુનીલદાસજી મહારાજ જાયન્ટસ ગુપ સ્થાપક ડાૅકટર એન.કે. ડેરિયા, વજેશભાઈ ભાવસાર, જાયન્ટસ પોગલુ મંત્રી અનુજ પટેલ, ગૌરક્ષક સુનીલ કડીયા, ગુણવંતભાઈ રાવલ સહિત જાયન્ટસ ગૃપના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને અને ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને એક વર્ષ પૂર્ણ થતાં એમ્બ્યુલન્સની પુજા ફુલહાર તથા શ્રીફળ વધેરી કેક કાંપીને ઉજવણી કરવામાં આવી હતી. પશું ડાૅકટર જૈવિકબેન તથા એમ્બ્યુલન્સ પાઈલોટનું શાલ ઓઢાડીને તથા મોઢું મીઠું કરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

### અરવલ્લી એલઆઈબી કોન્સ્ટેબલ બુટલેગર પાસેથી

# લાંચની બે લાખ રકમ સાથે ભૂગર્ભમાં ઉતરી જતા સતત ત્રીજા દિવસે તપાસ યથાવત

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બુટલેગરોની ભાઈબંધી જાણીતી છે. ગુજરાત પોલીસની માથરવટી પણ મેલી છે, કેટલાય અધિકારીઓ અને કર્મચારીઓ દારૂની ખેપ મારતા અને ખેપિયાઓને રક્ષણ આપતા અનેક કિસ્સાઓ બન્યા છે. ગાંધીના ગુજરાતમાં કહેવાતી દારૂબંધી વચ્ચે દારૂની રેલમછેલ જોવા મળી રહી છે.

અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને આવેલી રતનપુર ચેકપોસ્ટ, ઉંડવા, રેલ્લાવાડા, ભિલોડાના માર્ગે મોટા પ્રમાણમાં પોલીસની મહેરબાનીથી કરોડો રૂપિયાનો દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે. પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓ જ વિદેશી દારૂની લાઈનો ચલાવી રહ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે. કેટલાક પોલીસતંત્રના કર્મચારીઓ વહીવટદાર બની બેફામ વિદેશી દારૂની લાઈનો ચલાવી કરોડો રૂપિયાની સંપત્તિમાં આળોટી રહ્યા છે.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં એલઆઈબી શાખામાં નોકરી કરતો ભરતસિંહ ઝાલા નામનો કોન્સ્ટેબલ



બુટલેગરને દારૂના કેશમાં સંડોવી દેવાની લાખ્ખો રૂપિયાની લાંચ માંગતા બુટલેગરે માંડ માંડ બે લાખમાં તોડ કરવાની વાત કરી કોન્સ્ટેબલ ભરતસિંહ ઝાલાની દાદાગીરીથી ત્રાસી ગાંધીનગર એસીબીનો સંપર્ક કરતા ત્રણ દિવસ અગાઉ એસીબીએ ટ્રેપ કરતા લકઝુરિયસ કાર લઈ પહોંચેલા કોન્સ્ટેબલે બુટલેગરને કારમાં બેસાડી બે લાખની રકમ લઈ એસીબીના છટકાની ગંધ આવી જતા મેશ્વો નદીના કિનારે બોલુન્દ્રા ગામ પાસે ઉતારી રફુચક્કર થઈ જતા એસીબી ટીમે ઠેર ઠેર છાપા મારી અરવલ્લી જીલ્લા પોલીસને વર્દી લખાવી હતી. આ ઘટનાને ત્રણ દિવસ થવા છતાં લાંચીયો કોન્સ્ટેબલ ભરતસિંહ ઝાલા ભૂગર્ભમાં ઉતરી જતા એસીબીની વિવિધ ટીમો અરવલ્લી જીલ્લા સહીત સંભવિત સ્થળોએ છાપા મારી હવાતિયાં મારી રહી હોય તેમ ભરતસિંહ ઝાલા પકડથી દૂર રહ્યો છે. હાલ આ કેસ મેહસાણા એસીબીને સોંપવામાં આવ્યો છે. એસીબીની ટીમે લાંચિયા કોન્સ્ટેબલની મકાન અને સંપત્તિની તપાસ આદરી દીધી છે.

આ અંગે મહેસાણા એસીબી પી.આઈ. ચૌધરી સાથે કોન્સ્ટેબલની અપ્રમાણસર મિલકત મળી આવી કે નહિ તે અંગે ટેલિફોનિક પૂછપરછ કરતા તેની તપાસ એસીબી પીઆઈ વણજારા ચલાવી રહ્યા હોવાનું જણાવ્યું હતું. આ અંગે પી.આઈ. વણજારાનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા કોઈ કેસ સંદર્ભે કોર્ટમાં ગયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

કોન્સ્ટેબલ ભરતસિંહ ઝાલા ૨ લાખ લાંચ પ્રકરણમાં ઉચ્ચ અધિકારીઓ બચાવવા હવાતિયાં મારી રહ્યા હોવાની અને ભરતસિંહ ઝાલા એસીબીની ટ્રેપમાં સપડાતા તેના પ્રતિસ્પર્ધીઓ ગેલમાં આવી ગયા ચર્ચા પોલીસબેડામાં ચાલી રહી છે. ભરતસિંહ ઝાલાને ઉચ્ચ અધિકારીઓના તો આશીર્વાદ નથીને અને ખાખી વર્દીને લાંછન લગાડનાર ઘટનાથી આ લાંચ પ્રકરણમાં ઝીણવટભરી તપાસ થાય તો અનેક પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓની ખુર્સી સુધી રેલો પોહચે તો નવાઈ નહિ..!

# વાસણ(ધા) ગામના ઠાકોર સમાજના ૫૦૦ ઘરોમાં સૌ પ્રથમ દીકરીએ ANMમાં બીજો રેન્ક મેળવ્યો

### પાલનપુર ચોવીસી ઠાકોર સમાજ અને પરિવારનું ગૌરવ વધારતી દીકરી

પાલનપુર

કોણ કહે છે કે, દીકરી એ સાપનો ભારો છે. જો રૂઢિગત રીત – રિવાજોને ત્યાજીને દીકરીઓને અભ્યાસ માટે પ્રોત્સાહન આપવામાં આવે તો તેઓ પણ ઉચ્ચશિક્ષણ થકી સમાજમાં કંઈક કરી બતાવવાની તાકાત ધરાવે છે. જ્યાં પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે ઠાકોર સમાજના ૫૦૦ ઘરોમાં સૌ પ્રથમવાર એક દીકરીએ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં પ્રથમ વર્ષમાં બીજો રેન્ક પ્રાપ્ત કરી ગામ અને પરિવારને ગૌરવ અપાવ્યું છે.

બનાસકાંઠા જિલ્લામાં ઠાકોર સમાજની દીકરીઓ હવે અભ્યાસમાં આગળ ધપી રહી છે. જેની પાછળ તેમના માતા- પિતા અને પરિવારને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા પડે. કારણ કે, ઠાકોર સમાજના જુના રૂઢીગત રીત- રિવાજો જોઈએ તો મોટાભાગના માતા- પિતા દીકરીઓને અભ્યાસ કરાવવામાં માનતા ન હતા. ધોરણ આઠ કે દસ સુધી અભ્યાસ કરાવવામાં આવતો હતો. જોકે, વર્તમાન સમયે સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. જેમાં પણ સમાજમાં શિક્ષિત માતા- પિતા જુના રિત- રિવાજોને તિલાંજલી આપી દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપતા થયા છે. જેના કારણે ઠાકોર સમાજની દીકરીઓ શિક્ષિકાથી લઈ મામલતદાર, ધારાશાસ્ત્રીની પોસ્ટ ઉપર નોકરીઓ કરી રહી છે. તેમજ આ ક્ષેત્રે પહોચવા માટે અનેક દીકરીઓનો અભ્યાસ પણ ચાલુ છે. જેમાં પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામની દીકરીએ ગામમાં ઠાકોર સમાજના ૫૦૦ ઘરોમાં સૌ પ્રથમ વખત ઉચ્ચ અભ્યાસ કરી કોલેજમાં બીજો રેન્ક મેળવ્યો છે. ગામના લક્ષ્મણજી વાલજીજી ઠાકોર જેઓએ માહિતીખાતામાં નોકરી મેળવી હતી. જેમણે શિક્ષણનું મહત્વ સમજતાં તેમના બે પુત્રોને ઉચ્ચ શિક્ષણ આપતાં મુકેશ ઠાકોર (માસ્ટર ઓફ જર્નાલિજમ એન્ડ માસ કોમ્યુનિકેશન, ગુજરાત વિધાપીઠ અમદાવાદ) નવ ગુજરાત સમયમાં જિલ્લાના સિનિયર રિપોર્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. જ્યારે નાનો પુત્ર મહેશ ઠાકોર પાલનપુરની પ્રતિષ્ઠિત વિવિધલક્ષી વિધામંદિરમાં ફરજ બજાવે છે. દરમિયાન મુકેશભાઈએ તેમની દીકરી ભારતીને ઉચ્ચ શિક્ષણ આપતાં દીકરીએ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં એ. એન. એમ.નો કોર્ષ પૂર્ણ કર્યો છે. ધોરણ એકથી ૧૨ સુધી એકથી બે ક્રમાંક મેળવતી દીકરીએ ડીસાની કોલેજમાં એ. એન. એમની બીજા વર્ષની પરીક્ષા આપી છે. જ્યારે પ્રથમ વર્ષમાં સેકન્ડ રેન્ક પ્રાપ્ત કરી વાસણ (ધા) ગામના ઠાકોર સમાજના ૫૦૦ ઘરોમાં સૌ પ્રથમ આ સન્માન અપાવી પાલનપુર ચોવીસી ઠાકોર સમાજ તેમજ ગામનું નામ સમગ્ર ઠાકોર સમાજમાં રોશન કર્યુ છે.

## બસ આવતી નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વચ્ચે બસ સેવા ઉપલબ્ધ ન થતી હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. નવરાત્રિના તહેવાર દરમિયાન પણ રાત્રિના ૯ થી ૧૧ કલાક સુધી બસ સેવા ઉપલબ્ધ ન થતી હોવાનો આક્રોશ નગરજનો ઠાલવી રહ્યા છે. ગઈકાલે પણ રાત્રિના બસ સેવાના અભાવે મુસાફરોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જેના લીધે પરિવારજનો પણ માર્ગ વચાળે અટવાયા હતા. એસ ટી ની સલામત સવારી નસીબ થતી નથી. ત્યારે આગામી દિવસોમાં દિવાળીનુ પર્વ પણ નજીકમાં છે. આવા સંજોગોમાં રાત્રિના સમયે પણ મુસાફરોને યોગ્ય બસ સેવા મળી રહે તેવુ આયોજન કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ચાર બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૪ કલાકના ગાળામાં જ જે મિટિંગો થનાર છે તેમાં કઈ વાતચીત થશે તેને લઈને હજુ સુધી કોઈ વિગત મળી રહી નથી. બંને નેતાઓ ૨૪ કલાકમાં ચાર બેઠક કરશે. બંને નેતાઓ વચ્ચે આ મુલાકાતો બંગાળના અખાત નજીક દરિયાકિનારાના રિસોર્ટમાં લોનમાં યોજાનાર છે.

## ઓનલાઈન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી શકાશે. કરદાતાઓની ફરિયાદોમાં ઘટાડો લાવવા માટે અને વેપારને સરળ બનાવવા માટે આનાથી મદદ મળશે. નવી સુવિધાથી ટેક્સપેયરોના રજિસ્ટર્ડ ઈમેઈલ અને વેબ પોર્ટલ એટલે કે ‹.હર્ષ્દ્વીકૃટૈહદ્વૈટ્ટીકેદ્બૈહપ્ન.ર્ખ્ગદૃ.હ ઉપર લોગઈન કરવા ઉપર નોટિસ અને સૂચનાઓ મળશે. રજિસ્ટર્ડ મોબાઈલ ઉપર તરત જ મેસેજ મળશે. જેના આધાર ઉપર મામલાની તપાસ કરવામાં આવશે.

કરદાતાઓને સુવિધા રહેશે કે તેઓ પોતાના ઘરે કે ઓફિસથી આ અંગે જવાબ આપી શકશે. વેબ પોર્ટ ઉપર અપલોડ કરીને પોતાના જવાબ સીધા જ ઈ-મેઈલ દ્વારા નેશનલ ઈ-અસેસમેન્ટ સેન્ટરને મોકલી શકાશે.

સમગ્ર મામલાની તપાસ રેન્ડમ રીતે ટેક્સ અધિકારીઓની ટીમ કરશે. ટેક્સપેયર અને ટેક્સ વિભાગના અધિકારીઓ પણ જાણ નહીં હોય કે કોના અસેસમેન્ટની તપાસ કરી રહ્યા છે. ખુબજ જરૂર પડવા ઉપર કરદાતાઓનું વીડિયો કોન્ફરન્સિંગની સુવિધા પણ મળશે. નેશનલ ઈ-અસેસમેન્ટ સેન્ટરોની સાથે દેશમાં આઠ શહેરો દિલ્હી, કોલકત્તા, ચેન્નઈ, મુંબઈ, હૈદરાબાદ, અમદાવાદ, પુના અને બેંગલુરુમાં રીજનલ સેન્ટર્સ હશે.

## સફળતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાતાના સંદર્ભમાં માહિતી આપવામાં આવી છે. આમા એવા ખાતાઓની સૂચના આપવામાં આવી રહી છે જે હજુ સુધી સક્રિય છે. આ ઉપરાંત એવા ખાતાની વિગત પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે જે ખાતાઓને ૨૦૧૮માં બંધ કરવામાં આવી ચુક્યા છે. પ્રવકતાએ કહ્યું હતું કે, આ વ્યવસ્થા હેઠળ આગામી સૂચના સપ્ટેમ્બર ૨૦૨૦માં ઉપલબ્ધ કરાવવામાં આવશે. એફટીએ દ્વારા ભારત સાથે જોડાયેલી કોઈ ખાસ માહિતી આપવાનો ઈન્કાર કરતા કહ્યું છે કે, આ ગુપ્તતા સાથે જોડાયેલા મામલા છે. આમા સંપૂર્ણ વિગત આપી શકાશે નહીં. અનેક બેંક અધિકારીઓ અને સંબંધિત અધિકારીઓના નામ ગુપ્ત રાખવાની અપીલ સાથે કહેવામાં આવ્યું છે કે, આ માહિતી મુખ્યરીતે અનેક દક્ષિણ પૂર્વ એશિયન દેશો, અમેરિકા, બ્રિટન, કેટલાક આફ્રિકી દેશો તથા દક્ષિણ અમેરિકા દેશોમાં રહેતા બિન નિવાસી ભારતીયો સાથે સંબંધિત છે. બેંક અધિકારીઓએ કબૂલાત કરી છે કે, કોઈ સમયે સંપૂર્ણ પ્રકારે ગુપ્ત રહેતા સ્વિસ બેંક ખાતાની સામે વૈશ્વિક સ્તર પર શરૂ કરવામાં આવેલી ઝુંબેશ બાદ છેલ્લા કેટલાક વર્ષોમાં આ ખાતામાંથી જંગી નાણાં પાછા ખેંચવામાં આવી ચુકયા છે. કેટલાક ખાતા બંધ થઈ ચુક્યા છે. જો કે, વહેંચવામાં આવેલી માહિતીમાં એવા ખાતાની સૂચના સામેલ છે જેને ૨૦૧૮માં બંધ કરી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભારતીય લોકોના ઓછામાં ઓછા ૧૦૦ એવા જુના ખાતા પણ છે જેને ૨૦૧૮થી પહેલા બંધ કરી દેવામાં આવ્યા હતા. સ્વિત્ઝર્લેન્ડ આ ખાતાની માહિતી પણ વહેલી તકે આપવા માટે ઈચ્છુક છે. આ ખાતા વાહનો, સ્પેરપાર્ટ્સ, રસાયણ, વસ્ત્રો, રિયલ એસ્ટેટ, હિરા કારોબારી, સ્ટીલ જેવા ક્ષેત્રો સાથે જોડાયેલા કારોબારીઓના છે.